પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સૂચનાઓ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૦૮/૫૮૦/ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૩-૫-૨૦૦૮

વંચાણે લીધા :-

(૧) પ્રા.શિ. નિ.શ્રી ની તા. ૫-૫-૨૦૦૮ ની સીંગલ ફાઈલ પરની પ્રાથમિક શિક્ષકોની બદલી અંગેની સૂચનાઓમાં સુધારો કરવા બાબતેની દરખાસ્ત.

(૨) શિ. વિ.નો તા. ૪-૬-૦૪ નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧૦૪-૬૬૧-ક,

**સુધારા ઠ રા વ :-**

શિક્ષણ વિભાગના તા.૪-૬-૦૪ ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧૦૪-૬૬૧-ક થી રાજયમાં જિલ્લા પંચાયત હસ્તકની જિલ્લા શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની બદલીઓ અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

હાલ શિક્ષણ વિભાગના તા.૪-૬-૦૪ ના ઠરાવમાં નિયમ-૭(૧૬)માં જિલ્લા ફેરબદલીની કાર્યવાહી જાહેર કેમ્પ દ્વારા કરવાની રહે છે. કેમ્પમાં જિલ્લાની તમામ ખાલી જગ્યાઓ બોર્ડ ઉપર દર્શાવવાની રહે છે. કેમ્પમાં ઉપસ્થિત ન રહેનાર શિક્ષકને ખાલી જગ્યાઓ પૈકીના કોઈપણ ગામમાં નિમણુંક આપવાની રહે છે. બદલી હુકમ રજિ.પો.એ.ડી. થી મોકલવાના રહેશે તેવી જોગવાઈ છે.

ઉકત જોગવાઈઓમાં સુધારો કરવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા તા.૫-૫-૦૮ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે બાબતે પુખ્ત વિચારણા કરી નીચે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**નિયમ-(૭)(૧૬) જિલ્લા ફેર બદલી :-**

" જિલ્લા ફેરબદલીની કાર્યવાહી જાહેર કેમ્પ દ્વારા કરવાની રહેશે. કેમ્પમાં જિલ્લાની તમામ ખાલી જગ્યાઓ બોર્ડ ઉપર દર્શાવવાની રહેશે. કેમ્પમાં ઉપસ્થિત ન રહેનાર શિક્ષકને ખાલી જગ્યાઓ પૈકીના કોઈપણ ગામમાં નિમણુંક આપવાની રહેશે નહિ. બદલી હુકમ રજિ.પો.એ.ડી. થી મોકલવાનો રહેશે નહિ. પરંતુ ખાલી રહેતી જગ્યાઓ ઉપર જિલ્લા ફેરબદલી રજિસ્ટર મુજબ સીનીયોરીટી પ્રમાણે તેના પછીના ક્રમમાં આવતા અને કેમ્પમાં ઉપસ્થિત રહેલ શિક્ષકને જ જિલ્લા ફેરબદલીનો લાભ આપવાનો રહેશે."

ઉકત જોગવાઈઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. બી. ગરાસિયા
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ :-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રા. ગૃહ નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૮) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય ,ગાંધીનગર
(૯) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૦) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૧) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૨) તમામ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૩) નગરપાલિકા અને નગરપંચાયત **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૫) શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
(૧૬) શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
(૧૭) સિલેક્ટ ફાઇલ.